# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૪/ક્વા-૨/૧૯-૨૦/૭૨૨૮–૭** **તા.૦૧–૧૧–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૪/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **બહાદુરસંગ કાનાજી જાડેજા** ગામ: વચલાબારા **તા. ખંભાળિયા**

રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે અરુણભાઈ વિ. ત્રિવેદી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી –ખંભાલીયા

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી આર.વિ.સોમાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી - ખંભાલીયા **અને** શ્રી એચ.એમ.માણેક નાયબ ઇજનેર (આર. ઈ.) વડત્રા પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૦-૨૦૧૯ ( મંગળવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર બહાદુરસંગ કાનાજી જાડેજા ગામ - વચલાબારા, **તા. ખંભાળિયા**- તેઓની અરજીના નોંધણી નં: ૭૪/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, અરજદાર વચલાબારા ગામ ના સર્વે નંબર: ૫૫૦/૨ મા નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે વડત્રા પેટા વિભાગીય કચેરી માં અરજી કરવા જતા – દાદાનુ નામ લખવાની ફરજ પાડવામા આવેલ, જેની વિગત કાનાજી મુળજી જાડેજા જણાવતા – જેના નામે અલગ જગ્યાના વીજજોડાણ ના નાણા બાકી હોય – સદર અરજી ની પીજીવીસીએલ દ્વારા જરૂરી કાર્યવાહી કરાયેલ નથી. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૩૦ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર ના નામે અથવા નવીન વીજજોડાણ ની માંગણી મુજબ ના સ્થળ પર વીજ કંપની નુ લેણુ બાકી હોય તો – વીજજોડાણ આપી શકાય નહી. પરંતુ, સદર બાબત લાગુ પડતી ન હોવા છતા – વડત્રા પેટા વિભાગીય કચેરી ના રેવ. વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરાયેલ ન હોવાથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- **અરજદાર શ્રી બહાદુરસંગ કાનજી જાડેજા રે. વચલા બારા તા. ખંભાળિયા એ સર્વે નંબર ૫૫૦/૨ વચલા બારા મુકામે ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી માં અરજદાર ના પિતા કાનાજી મૂલજી જાડેજા ના નામના અલગ જગ્યા આવેલ વિજ જોડાણ ના નાણાં રૂ.૧૩૮૨/- બાકી હોય ભરી જવા જણાવેલ. આ બાબત ડિવિજન કચેરીમાં ચર્ચા થયેલ અને ડિવિજન કચેરી ની મૌખિક સૂચના થી તે કેસ પેપર સહિત ઓરિજનલ અરજી પરત આપવામાં આવેલ.**

**વધુમાં, સદર બાબતે હાલ વડતરા કચેરી દ્વારા અરજદાર ને ઉદેશી ને લખેલ પત્ર નંબર વીએસડી/સીજીઆરએફ/ ૧૦૯૩૧ તારીખ ૧૭.૧૦.૨૦૧૯ મુજબ સપ્લાય કોડ ૨૦૧૫ ક્લોજ ૪.૩૦ મુજબ ફરિયાદ ના નિકાલ કરવા કરવા સબબ અરજી ના તમામ દસ્તાવેજ સાથે વડતરા કચેરી નો સંપર્ક કરવા જણાવેલ છે જે રજુ થયે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.**

૩.૧ ફોરમ કમિટી મીટીંગ તા.૨૨–૧૦–૧૯ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સમાધાનપત્ર તા.૨૨–૧૦–૧૯ થી રજુ કરેલ છે, તે મુજબ – અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય – તે બદલ અરજદારે સમાધાનપત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, અરજદાર **શ્રી બહાદુરસંગ કાનજી જાડેજા રે. વચલા બારા તા. ખંભાળિયા એ સર્વે નંબર ૫૫૦/૨ વચલા બારા મુકામે ખેતીવાડી વીજ જોડાણ મળવા** ની રજુઆત અન્વયે – મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ સમાધાન પત્ર તા.૨૨–૧૦–૧૯ મુજબ – અરજદાર ની ફરીયાદનુ સંતોષકારક નિરાકરણ થયેલ હોય – ફોરમ કમિટી દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી) (જે.બી.પારેખ)
સભ્ય (સ્વતંત્ર) ચેરપર્સન